# -: નવરાત્રી :-

# -: ગરબાનું આધ્યાત્મિક રહસ્ય : ગરબા શબ્દનો વાસ્તવિક અર્થ 'ગર્ભદીપ': ગરબો શક્તિનું પ્રતિક :-

નવરાત્રીના આગમનમાં કુંભાર માટીને સુંદર આકાર આપી ગરબાનું સર્જન કરવામાં વ્યસ્ત થઈ જાય છે. નાની નાની બાળાઓ મસ્તક પર ગરબો લઈ ઘેર ઘેર ગરબા ગાતી માતાજીના સર્વ સ્વરૂપોને યાદ કરતી નજર આવવા લાગે છે. ગરબાના સુંદર શબ્દો સૌ કોઈના હ્રદયને સ્પર્શી જાય તેવા ભાવયુક્ત હોય છે. માટીના ગરબામાં પ્રજ્વલિત દીપક ઘર ઘરને નવી રોશની આપે છે. ગલી, શેરી કે મહોલ્લામાં સતત નવ-નવ દિવસ આ ગરબો સૌ માટે આકર્ષણમૂર્ત બને છે.

પરંતુ વર્તમાન સમયની તો સૌ વાતો જ ન્યારી છે. આધુનિક યુગમાં "ગરબો" માત્ર શબ્દ પુરતો જ સીમિત રહી ગયો. તેની પાછળના આધ્યાત્મિક રહસ્યને ભુલવાના કારણે આજે ગરબામાં પણ અવનવી ફેશનોની શરૂઆત થવા લાગી.

ગુજરાતની નવરાત્રીની ઓળખ એટલે ગરબો. ગરબો શબ્દનો વાસ્તવિક અર્થ છે ગર્ભદીપ. ગર્ભદીપમાંથી ધીમે ધીમે અપભ્રંશ થતા જે શબ્દ અસ્તિત્વમાં આવ્યો તે શબ્દ છે "ગરબો". માટીના કાણા વાળા ઘડામાં દીપ મુકવામાં આવે છે. કાળક્રમે આ ગર્ભદીપવાળા ગર્ભનો ગરબો થઈ ગયો. ગર્ભદીપ (ગરબા)ને શક્તિનું પ્રતિક માનવામાં આવે છે. ગ્રામજનો, શહેરીજનો અને શ્રધાળુંઓ ફળીયા, શેરી કે ચોકમાં ગરબાનું સ્થાપન કરીને તેની ફરતે ગોળ ગોળ ધૂમી જે સ્તુતિ કરતા હતા એ સ્તુતિ એટલે જ ગરબો.

માટીના કાણાવાળો ઘડો એ પ્રકૃતિના પાંચ તત્વો (અગ્નિ, જળ, વાયુ, પૃથ્વી, આકાશ)માંથી નિર્માણ થયેલ આ શરીરની યાદગાર છે. જ્યારે ઘડામાં પ્રજ્જવલ્લિત દીવો એ જીવન ચેતનાનું પ્રતિક છે. કહેવાય છે કે શરીર માટીનું બનેલ કોડિયું છે. જયારે ચૈતન્ય શક્તિ આત્મા પ્રજ્જવલિત જ્યોત છે. શરીર વિનાશી, જળ છે જ્યારે આત્મારૂપી જ્યોત ચૈતન્ય, અજર, અમર અને અવિનાશી છે. જેમ માટીના ઘડામાં (ગરબા) દિપક પ્રજ્જવલ્લિત થાય તો જ તે સૌને આકર્ષકમૂર્ત બને છે, ત્યારે જ તે પૂજન, વંદન અને ગાયન યોગ્ય બને છે, સૌના મસ્તક નમે છે તેવી જ રીતે માટીના પાત્ર સમાન શરીરરૂપી ઘડામાં આત્મારૂપી દીપકની પ્રવેશતા જ જીવનને મૂલ્યવાન બનાવે છે. નવરાત્રી બાદ દિપક ઓલવાઈ જતા

માટીનો ઘડો અંતે માટીમાં જ વિલીન થઈ જતા તેનું અસ્તિત્વ સમાપ્ત થઈ જાય છે તેવી જ રીતે આ પ્રકૃતિના બનેલા શરીરરૂપી ઘડામાંથી ચૈતન્ય પ્રકાશ નીકળી જતા માટીનું શરીર અંતે માટીમાં જ ભળી જાય છે. શરીર વિનાશી હોવાથી તેનું અસ્તિત્વ સમાપ્ત થઇ જાય છે. જ્યારે ચૈતન્ય અવિનાશી આત્માં પોતાના વાસ્તવિક ઘર તરફ પ્રયાણ કરે છે અને કર્મ અનુસાર ફરીથી સૃષ્ટિ રંગમંચ પર બીજું શરીર ધારણ કરી તેમાં પ્રવેશ કરે છે. જેમ ફરીથી નવરાત્રિ આવતા પુનઃ દિપ પ્રજ્જવલિત કરીએ છીએ. જેમ માટીના ગરબા વગર દિપકની કિમત નથી અને દિપક વગર માત્ર માટીના ગરબાની કોઈ કિમત નથી. તેવી જ રીતે શરીર વિના આત્માની કિંમત નથી અને આત્મા વિનાં શરીરની કોઈ કિમત નથી. જેમ માટીના ગરબામાં કાણા હોય તો જ દિપકનો પ્રકાશ ચારે બાજુ ફેલાય તેમ શરીર રૂપી ઘડામાં આંખો, મુખ, નાક, કાન વગેરે કર્મેન્દ્રિયો દ્વારા જ ચૈતન્ય આત્મા પોતાનો પ્રકાશ ચારે બાજુ ફેલાવી શકે છે. કાણા વગરના ગરબાની કલ્પના આંખ, મુખ કે કાન વગરના મનુષ્ય સમાન છે. માટીનો ગરબો આપણને ઘણી બધી શિક્ષાઓ આપે છે કે –

- હંમેશા દ્રષ્ટિને સુખકારી, પવિત્ર, શુભ ભાવના સંપન્ન બનાવો.
- મુખને મધુર બનાવવા હંમેશા સુખદાઈ વચનો ઉચ્ચારણ કરો.
- કાનને પવિત્ર બનાવવા હંમેશા સારી વાતો સાંભળીયે

  ત્યારે જ અંતર આત્માની રોશની જગતને આપી શકીશું. જેમ ગરબામાં

દિપકને પ્રજ્જવલિત રાખવા દિવેલની જરૂર પડે છે તેમ અંતર આત્માના દિપકને હંમેશા પ્રજ્જવલિત રાખવા જ્ઞાન અને યોગનું દિવેલ જરૂરી છે. વર્તમાન સમયે સ્વયં નિરાકાર શિવ પરમાત્મા સૌ મનુષ્યાત્માઓની જ્યોતને ફરીથી પ્રજ્જવલિત કરવા રાજયોગનું શિક્ષણ આપી રહ્યા છે. પરમાત્માના જ્ઞાન દ્વારા સ્વયંને સદા જાગૃત રાખવા જ વાસ્તવમાં સાચા ગરબાની યાદગાર છે. નવરાત્રીમાં શક્તિની પૂજા અર્ચના કરવામાં આવે છે. શક્તિ એ સ્ત્રીલિંગ નારી છે. નારી શક્તિની મહિમાનો ઉત્સવ એટલે જ નવરાત્રી. ગરબો શબ્દ જ્યાંથી આવ્યો તે ગર્ભદીપમાં વપરાતો ગર્ભ શબ્દ પણ નારી સાથે સંકળાયેલ છે. ગર્ભ શબ્દ માનવજાતિની બ્રહ્માંડની રચના પણ સમજાવે છે. બધા ગ્રહોની મધ્યે સૂર્ય સ્વયં પ્રકાશિત હોય છે. તેમ ગોળ ગોળ ઘૂમતા ભક્તોની મધ્યે ગરબો મુકવામાં આવે છે. સૂર્યની આસપાસ પૃથ્વી, ચંદ્ર, ગ્રહો વગેરે પરિભ્રમણ કરે છે. આમ બ્રહ્માંડમાં એક ગરબો સતત નિરંતર રમતો રહે છે.

ગરબાના આધ્યાત્મિક રહસ્યને જાણ્યા બાદ આગળ વાંચીશું ગરબામાં તાલ અને લયનું મહત્વ.

*****